ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૨.૦૯.૨૦૧૭

**સુરેશ મહેતા નર્મદા યોજના સામે નિવેદનો કરીને**
**પાણી માંથી પોરા કાઢવાનું કામ કરી રહ્યાં છે – ભરત પંડ્યા**

---------

**નર્મદા યોજનાનાં પવિત્ર કાર્યમાં કોંગ્રેસે હવે તો, હવનમાં હાકકા નાંખવાનું કામ બંધ કરે.**

---------

**નર્મદાને સતત અવરોધનાર કોંગ્રેસને પ્રશ્ન પુછવાને બદલે ભાજપને પ્રશ્નો પૂછે છે તે નિંદનીય છે.**

---------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીની કર્તૃત્વ-નેતૃત્વ અને વ્યક્તિત્વની ઈર્ષ્યામાં શ્રી મહેતા પીડાઈ રહ્યાં છે.**

---------

**ગુજરાતમાં ૧,૨૫,૦૦૦ કિ.મી. પાણીની પાઈપલાઇનનું નેટવર્ક ઊભું કરીને ઘરે ઘરે પાણી પહોચાડવાનું ઐતિહાસિક કામ ભાજપ સરકારે કર્યું છે.**

---------

નર્મદા યોજના સામેના નિવેદનની પ્રતિક્રિયા આપતા પ્રદેશ પ્રવકતા શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, સુરેશ મહેતા પાણી માંથી પોરા કાઢવાનું કામ કરી રહ્યાં છે.ચુંટણી આવે ત્યારે નિવેદન કરવા આવી જાય છે.નર્મદા યોજનાનું પવિત્ર કામ છે. આ પવિત્ર કામમાં શંકા, કુશંકાકરીને હવનમાં હાડકા ન નાંખવા જોઈએ. કોંગ્રેસે જે તે સમયે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રની સરકારોએ અડચણો ઊભી કરી હતી. કોંગ્રેસની યુ.પી.એ. સરકારે ૧૦ વર્ષ સુધી નર્મદા ડેમના દરવાજાની મંજૂરી ન આપીતે વખતે શ્રી મહેતા ક્યાં હતાં. કોંગ્રેસની સામે પ્રશ્નો કે નિવેદનો પૂછવાને બદલે ભાજપ સામે પૂછી રહ્યાં છે તે નિંદનીય છે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા જાણે છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી બન્યાં તેના ૧૭ દિવસે નર્મદા ડેમની દરવાજાની મંજૂરી આપી હતી. જે કોંગ્રેસના ૧૦ વર્ષના શાસનકાળમાં મળી ન હતી. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા અને ગુજરાત માટે અડીખમ નેતૃત્વ પૂરૂં પાડીને સંઘર્ષ કર્યો છે.નર્મદા માટે મુખ્યમંત્રી તરીકે ઉપવાસ પર પણ બેઠાં હતાં. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ નર્મદા યોજનાને વિરોધના વમળો માંથી બહાર કાઢીને વિકાસના વહેણ સુધી વહેતી કરી છે. કેવડીયા થી કચ્છ સુધી નર્મદાના નીર આ ગુજરાતના વીરે પહોંચાડ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની કર્તૃત્વ-નેતૃત્વ અને વ્યક્તિત્વની ઈર્ષ્યામાં શ્રી મહેતા પીડાઈ રહ્યાં છે.

નર્મદા ડેમનું કામ ભાજપે જ પૂર્ણ કર્યું છે અને નહેરોનું કામ પણ ભાજપ જ પૂર્ણ કરી શકશે. જેણે નર્મદાને સતત રોકવાનું પાપ કર્યું છે. તે કોંગ્રેસ સ્વપ્નમાં પણ કયારેય ગુજરાત હિત, વિકાસ, ગૌરવ માટે વિચારી શકતી નથી. જે તે સમયની કોંગ્રેસની રાજય સરકારો તેમજ તે સમયની કોંગ્રેસની કેન્દ્ર સરકારના મંત્રી સૈફુદ્દીન ખોજથી લઈને હમણાં રાજય સભામાં દિગ્વીજયસિંહ અને લોકસભામાં જ્યોતિરાદિત્ય સિંધિયાએ નર્મદા ડેમના દરવાજા બંધ થયા પછી પણ સતત નર્મદા યોજનાને અટકાવવાના કામ કરી રહ્યાં છે.ગુજરાત કોંગ્રેસના નેતાઓ ગુજરાત વિરોધી અને નર્મદા વિરોધીતત્વો સાથે મળીને ગુજરાતનું અહિત થાય તે માટે ઉશ્કેરી રહ્યાં છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના સમયમાં એક ડંકી નખાવવી હોય તો સરપંચના ચંપલ ઘસાઈ જતાં હતાં ત્યારે ભાજપ સરકારમાં નર્મદા નીરને તળાવો, ચેકડેમો, નદીઓમાં નાંખવામાં આવી રહ્યાં છે. આ એ જ કોંગ્રેસ હતી કે નર્મદા યોજનામાં પાણીની વિશાળ પાઈપલાઈન નંખાતી હતી. ત્યારે આક્ષેપ કરતી હતી કે આમાં પાણી નહી પણ હવા આવે અને એ જ પાઈપલાઈનથી હજારો ગામોમાં પાણી પહોંચાડ્યું. ગુજરાતમાં ૧,૨૫,૦૦૦ કિ.મી. પાણીની પાઈપલાઇનનું નેટવર્ક ઊભું કરીને ઘરે ઘરે પાણી પહોચાડવાનું ઐતિહાસિક કામ ભાજપ સરકારે કર્યું છે. નર્મદાના નીરથી સૂઝલામ સૂફલામ યોજનાથી ઉત્તર ગુજરાતની સૂકી ભઠ્ઠ ધરતી નંદનવન બની. સૌરાષ્ટ્રમાં સૌની યોજના દ્વારા એક પછી એક લીંક દ્વારા તબક્કાવાર ચેકડેમો ભરવામાં આવી રહ્યાં છે. તેને કારણે ગુજરાત વિરોધીઓને પેટમાં તેલ રેડાયું છે. સરદાર પટેલને ૪૧ વર્ષ સુધી ભારત રત્ન ન આપવા દેનાર કોંગ્રેસે સરદાર પટેલની સતત અવગણના અને અપમાન કર્યું હતું. એ સરદાર પટેલનું વિશ્વમાં માન, સન્માન, ગૌરવ વધે તે માટે નર્મદા ડેમ પર શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૮૨ મીટરની વિશાળ પ્રતિમા દ્વારા દેશની એકતાના શિલ્પીની પ્રતિભા દુનિયાને બતાવવામાં પ્રમાણિક પ્રયાસ કર્યો છે.

નર્મદાના નીર ભાજપ સરકારે જ લોકો સુધી, ખેડૂતો સુધી પહોંચાડ્યા છે. ડેમ અને નહેરોમાં પણ પરિણામલક્ષી કામગીરી કરી છે તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૨** **તા.૧૨.૦૯.૨૦૧૭**

**છેલ્લા બે દાયકાથી બેરોજગાર કોંગ્રેસે યુવાનોને રોજગારી આપવાના બહાને પોતાની બેરોજગારી દૂર કરવા હથકંડા અપનાવી રહી છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

----------------

**‘ઘરનું ઘર’ હોય કે ‘યુવાનોને રોજગારી’ હોય કોંગ્રેસના મુંગેરીલાલ હસીને સપને ગુજરાતની શાણી, સમજુ પ્રજા ક્યારેય લોભ, લાલચ અને છેતરામણીમાં ફસાવાની નથી.**

----------------

**ભાજપ યુવાનોને બેરોજગારી ભથ્થુ આપવામાં નહી, સાચા અર્થમાં રોજગારી આપીને તેમને પગભર અને સ્વાવલંબી બનાવી, સમાજમાં સાચા અર્થમાં આર્થિક સંપન્નતા લાવવાના પક્ષમાં છે.**

----------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આજ રોજ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના રોજગારી પ્રશ્ને તથાકથિક નિવેદન અંગે તીખી પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, છેલ્લા બે દાયકાથી ગુજરાતના રાજકીય ફલક ઉપર પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી બેરોજગાર બની ગયેલ કોંગ્રેસ પોતાની બેરોજગારી દૂર કરવાના મલિન આશયથી ગુજરાતની શાણી, સમજુ પ્રજા તથા યુવાનોને રોજગારીના પ્રશ્ને ગુમરાહ કરી રહેલ છે. કોંગ્રેસ શાસિત કોઈપણ રાજયમાં અમલમાં ન હોય તેવી જૂદા જૂદા પ્રકારની યોજનાઓ ગુજરાતમાં જો સત્તા ઉપર આવશે તો લાગુ કરશે તેવી અકલ્પિત જાહેરાતો દ્વારા ગુજરાતની પ્રજાને ભ્રમિત કરવાના ઈરાદામાં કોંગ્રેસ કયારેય સફળ થવાની નથી.

શ્રી વાઘાણીએ ઉમેર્યું હતું કે, ભાજપએ ગુજરાતના યુવાનોને રોજગાર આપવા માટે છેલ્લા બે દાયકમાં અપનાવેલ સંનિષ્ઠ કાર્યક્રમોને પરિણામે સમગ્ર દેશમાં ગુજરાત રોજગારી આપવામાં પ્રથમ રહ્યું છે. ગતવર્ષ દરમ્યાન દેશમાં ઉપલબ્ધ રોજગારીની તકો માંથી ૮૪ ટકા રોજગારી ગુજરાતે પૂરી પાડી છે. અત્યાર સુધીમાં ગત વર્ષ દરમ્યાન યોજાયેલ આઠ રોજગાર મેળામાં ૧ લાખ ૯ હજાર યુવાનોને સીધી નિમણુંકના પત્રો આપીને રોજગાર ઉપલબ્ધ કરાવ્યો છે. મહિલા રોજગાર મેળાનું પણ અલગથી આયોજન કરી ૨૫ હજાર મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. માત્ર એક વર્ષમાં ૮૦ હજાર યુવાનોને સરકારી નોકરીઓની તકો ઉપલબ્ધ કરાવેલ છે. પોલીસ ભરતી મેળાના આયોજન દ્વારા એક સાથે ૧૮ હજાર પોલીસ કર્મીઓને રોજગારી પૂરી પાડેલ છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપની નીતિરીતિ ગુજરાતના યુવાનોને ૫૦૦થી વધુ કૌશલ્ય કેન્દ્રો અને ૭૫૦થી વધુ આઈ.ટી.આઈ.દ્વારા તાલીમ અને જરૂરી કૌશલ્ય પૂરા પાડીને તેમને સ્વનિર્ભર બનાવવી રહી છે. મુદ્રા યોજના દ્વારા ગુજરાતના ૨૫ લાખ યુવાનોને આર્થિક ધિરાણ દ્વારા નાણાકીય સહાય પૂરી પાડીને તેમને પગભર કરવાની ભાજપ શાસનની નેમ રહી છે.

કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તથા રાજયમાં યશસ્વી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ યોજના, સ્ટેન્ડઅપ યોજના, ડિઝીટલ યોજના જેવા અનેક રચનાત્મક આયોજન થકી યુવાધનને પગભર બનાવી તેમને સાચા અર્થમાં આર્થિક સંપન્નતાના માર્ગે લઈ જવાનું ભગીરથ કાર્ય ભાજપના શાસનમાં થઈ રહ્યું છે.

પ્રત્યેક ગુજરાતની ગૌરવ લઈ શકે તેવી ભાજપની સૌ પ્રથમ બુલેટ ટ્રેનના ઉદ્ઘાટન પ્રસંગે જયારે જાપાન વડાપ્રધાન શિન્જો એબે તથા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અમદાવાદ આવી રહ્યાં છે. ત્યારે, આઝાદીના સાઠીઠ વર્ષો સુધી શાસન કરીને રેલ્વેમાં કોઈપણ પ્રકારના આમૂલ પરિવર્તનનો કે આધુનિકરણ નહી કરનાર કોંગ્રેસને બુલેટ ટ્રેનના પ્રશ્ને “દુઃખે છે પેટ અને કૂટે છે માથું” તેવા ઘાટ છે. માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે તો નિર્ધારીત ૨૦૨૩માં પૂર્ણ કરવાનો કૃતસંકલ્પ કરીને દેશને આઝાદીના ૭૫માં વર્ષે બૂલેટ ટ્રેનના લોકાર્પણની ૨૦૨૨માં ભેટ આપવાનો ગઈકાલે જ નિર્ણય કર્યો છે. ભાજપાની દેશના સર્વગ્રાહી, સર્વ સમાવેશક, સર્વવ્યાપી વિકાસની રાજનીતિ કોંગ્રેસને નહી સમજાય. ગુજરાતનો જનસમુદાય આ બધી જ બાબતોને સારી રીતે જાણે છે, પિછાણે છે એટલે, કોંગ્રેસ તેની નીત નવી યુક્તિ, પ્રવૃતિઓમાં કયારેય સફળ થવાની નથી. તેમ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ